# ❁ મારે મન ગુણોત્સવ ❁

મારે મને ગુણોત્સવ એટલે રાષ્ટ્રીય મહોત્સવ. રાષ્ટ્રીય મહોત્સવ ગુણોત્સવમાં સરકાર, સમાજ, શિક્ષક અને બાળક આ ચારેય મુખ્ય આધાર સ્તંભ હોવાથી હું તેને બાળ મહોત્સવ, સારસ્વત મહોત્સવ, સમાજ મહોત્સવ અને શાસક મહોત્સવ ગણું છે. મારી દ્રષ્ટિએ આ ચારે આધાર સ્તંભોના બળે જ ગુણોત્સવ ટકી રહે. જો એક પણ સ્તંભ ન હોય કે નબળો હોય તો ગુણોત્સવનો કોઈ અર્થ સરે નહીં. ઘણા અધિકારી અને નેતા લોકોની મન સ્થિતિ મુજબ માત્રને માત્ર સારસ્વતો કે શિક્ષકો ઉપર દબાણ કે પ્રેમ ભરી ધમકી આપવાથી ગુણોત્સવનું પરિણામ મળશે એવું માને છે અને એ પ્રમાણે ચાલ્યા કરે છે પણ જો બીજા અન્ય સ્તંભોને પણ અઢીખમ તૈયાર નહીં કરશું તો ગુણોત્સવ નામનો મંડપ નીચે પડશે અને સારસ્વત નામનો આધાર સ્તંભ મનોરોગી બની જશે કે બનવા લાગે છે.

આપણા માનનીય વર્તમાન મુખ્યમંત્રીએ આપેલા પ્રેરક પ્રવચનમાં એવું બોલેલા કે શિક્ષક એટલે એવી ખુંટી કે ખીંટી જ્યાં બધા જ લુગડા લટકાવી શકાય. મુખ્યમંત્રી પણ સમજે છે કે દરેક જગ્યાએ આ સારસ્વત શિક્ષકો પાસેથી.. દરેક કામ લેવામાં આવે છે. એટલે તેમની તો ભાષા પ્રેમ ભરી છે પણ પોતાના નીચેનો પ્રવાહ તો જાણે શિક્ષક ઉપર કડકાઈ બતાવશું તો ગુણોત્સવનું પરિણામ સારું આવશે તેવું માને છે. તે કદાપી નહીં બને. ગુણોત્સવનું નક્કર પરિણામ લાવવું હશે તો બાળકોને બાદ કરતા શિક્ષક, સમાજ અને શાસક ત્રણેય સમજી વિચારીને ચાલવું પડશે. પણ અઢળક કાર્યક્રમના બોજ નીચે સબડાયેલા સારસ્વતો પાસેથી ગુણોત્સવમાં પરિણામની અપેક્ષા રાખવી નિરર્થક છે.

મિત્રો કામચોરી કરનાર કર્મચારીઓને સજા થવી જોઈએ પણ કામ કરનારા સારસ્વતોને નહીં સમજશો તો કામ કરવાવાળા નિષ્ઠા કેમ કરીને ટકાવી રાખશો? ખરેખર ગુણોતસ્વ જો સાચા અર્થમાં લાવો હશે તો મારી દ્રષ્ટિએ આટલું કરવાની જરૂર છે. શિક્ષકોનું વેકેશન ઓછું કરી, હક રજા આપવી. કામના કલાકોના સમયમાં વધારો અને એનું યોગ્ય મહેનતાણું, શિક્ષકોને શિક્ષણ સિવાયમાં કોઈપણ.... એક પણ.... કાર્યક્રમમાં જોતરવા નહીં, શિક્ષણ સિવાયના શિક્ષણને લગતા કાર્યો કે વહીવટી કાર્યો શિક્ષણ કાર્યના સમયમાં તો ન જ અપાય.પોતાના બાળકને શાળામાં મૂકવાની બેકાળજી કે બેદરકારી રાખતા વાલી પર કડક શિક્ષા ઉપલી કક્ષાએથી ગોઠવવી. વાલીને સભાન બનાવવા પડશે તો જ સાચા અર્થમાં ગુણોત્સવ દીપી ઉઠશે. પ્રાથમિક શાળાઓમાં આચાર્યનો અલગ હોદ્દો બનાવી, જરૂરી તમામ સત્તા આપવી. જેથી વાલી અને અમુક કામગીરી કરનાર ઉપશિક્ષકને શિસ્તમાં રાખી શકે... જરૂરી પગલાં લેવાથી જ ગુણોત્સવના પરિણામો લાવી શકાશે.

મિત્રો પ્રથમ તો ગુણોત્સવની જરૂર કેમ પડી? સરકારી પ્રાથમિક શાળાઓમાંથી બાળકો કેમ ઓછા થવા લાગે છે.? પ્રાઈવેટ શાળાઓને મંજૂરી કોણે આપી ? પૈસાદાર વર્ગના વાલીઓને પ્રાઈવેટ શાળામાં મોકલવા કોણે લલચાવ્યા? 1975 થી 2015 સુધીના સરકારી આંકડા તપાશો પછી કહેજો કે ભૂલો કોની છે ? બધાને સુધરવું પડશે તો જ ગુણોત્સવ સારી રીતે આવશે. અરે એટલું કહું છું કે ગુણોત્સવની જરૂર જ નહીં પડે. અસ્તુ જય હિન્દ. જય ભારત.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.<br>
(વૈશ્વિક જીવન દર્શની)<br>
" અંતરની એરણ થી "